**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૩.૨ ડીગ્રી
લઘુતમ : ૨૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૯૩ ટકા ● સાંજે ૭૧ ટકા

## જન્મદિને વધામણી



શર્મિષ્ઠા પી ઠાકર
મો. ૯૭૨૭૦ ૫૯૯૭૪



દિનેશકુમાર ગણપતભાઈ પરમાર
મો. ૯૨૨૮૮ ૮૨૩૪૮



પરાગી પંડ્યા
લાયોનેસ કલબ, ગાંધીનગર

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

## આઈ લવ માય ગાંધીનગર



**વિનોદ રાઠોડ**
મેનેજિંગ તંત્રી, વંદે ગુજરાત

**ગાંધીનગર ગમે**

ગાંધીનગર મારી કર્મભૂમિ છે એટલા માટે અને શાંત, પ્રદૂષણથી મુક્ત તથા હરિયાળું નગર છે એટલા માટે પણ ગમે છે.

**નગરજનો**

શિક્ષિત, સંસ્કારી, નોકરીયાત લોકો અને સેવાભાવી નાગરિકો આ શહેરમાં વસે છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**

જી ઈ કલબ, ગ્રો ફાઉન્ડેશન, કડી સર્વ વિદ્યાલય, જુનિયર સિટિઝન કાઉન્સિલ અને ગાંધીનગર કલ્ચરલ ફોરમની શિક્ષણ, સેવા તથા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ગમે છે.

**નગરને બહેતર બનાવવા**

યુવાવિકાસના નક્કર કાર્યક્રમોની જરૂરિયાત અનુભવી રહ્યો છું.

**નગર માટે હું કરી શકું**

સેવા અને યુવા વિકાસના કાર્યક્રમો માટે મારી સઘળી સહાય શહેરને પૂરી પાડવા માટે હું સદાય તત્પર છું.

# સીઝનલ બિમારીઓના દર્દીઓથી દવાખાના ઉભરાયા

## તાવ-શરદી-સળેખમ સહિત બિમારીઓના દર્દીઓમાં વધારો : વરસાદી પાણીના ભરાવાને કારણે રોગજન્ય જીવજંતુઓનો ઉપદ્રવ વધ્યો : સતત વાદળના કારણે સુકારો ના થતા પ્રજા ત્રાહિમામ

ગાંધીનગર, તા.૧

ગાંધીનગરમાં વાદળોએ વેરેલા વિષાદને પગલે નગરજનોમાં હવે મોસમી બિમારીના દર્દીઓમાં વધારો થયેલો જોવા મળી રહ્યો છે. શહેરમાં તાવ, શરદી, ખાંસી, સહિતની ઋતુજન્ય બિમારીઓના દર્દીઓથી દવાખાના ઉભરાઈ રહ્યા છે. બીજી તરફ શહેરમાં અનેક ઠેકાણે વરસાદી પાણીનો ભરાવો, કાદવ-કિચડ, ગંદકી વગેરેની પરિસ્થિતિ હોવાથી રોજગન્ય જંતુઓ જેવા કે માખી-મચ્છર વગેરેના ઉપદ્રવમાં પણ વધારો થયેલો જોવા મળી રહ્યો છે.

શહેરમાં અષાઢી વરસાદના પગલે નિચાણવાળા વિસ્તારોમાં પાણીના ભરાવાની સમસ્યા સર્જાઈ છે. વળી વરસાદે વિરામ લીધો હોવા છતાં હજુ પણ સતત વાદળછાયું વાતાવરણ અને ભેજવાળી ઋતુના પગલે ભરાયેલા વરસાદી પાણી સુકાતા નથી અને ગંદકીમાં વધારો કરી રહ્યા છે. રાજયભરમાં હાલ વરસાદે વેરેલા વિનાશ બાદ 'ઉઘાડ' નીકળવાની આશા ઠગારી નિવડતા રોગચાળો ફેલાવાનો ભય સતાવી રહ્યો છે. સતત વરસાદી માહોલ અને વાદળછાયા વાતાવરણને પગલે શહેરમાં તાવ-શરદી-સળેખમ વગેરે સહિત માથાનો દુઃખાવો, પેટમાં ગરબડ વગેરે જેવી સીઝનલ બિમારીઓના દર્દીઓની સંખ્યામાં વધારો થયેલો જોવા મળી રહ્યો છે. સિવિલ હોસ્પિટલ ઉપરાંત ખાનગી દવાખાના પણ મોસમી બિમારીના દર્દીઓથી ઉભરાઈ રહ્યા છે. આ પરિસ્થિતિમાં શહેરના ખાનગી તબીબોને તડાકો પડવા પામ્યો છે.



શહેરમાં આંતરિક માર્ગો પર ખાડા તથા રસ્તાના ધોવાણ તેમજ ખુલ્લા પ્લોટો વગેરે જગ્યામાં પણ વરસાદી પાણી નહી સુકાતા કાદવ-કિચડ સહિત ગંદકીનો માહોલ ફેલાયેલો જોવા મળી રહ્યો છે. તંત્ર એ તાત્કાલિક ધોરણે સ્વચ્છતા ઝુંબેશ હાથ ધરવાની તથા વરસાદી પાણીના ભરાવા પર જંતુનાશક દવાના છંટકાવની તાતી જરૂર હોવાનું જણાઈ રહ્યું છે. આ સાથે વાતાવરણમાં પણ જો તડકો અને ઉઘાડ નીકળે તો ગંદકી તથા જીવજંતુઓના ઉપદ્રવમાં ઘટાડો થાય તેવી નગરજનો આશા સેવી રહ્યા છે.

### ગંદકી દૂર કરો અને દવાનો છંટકાવ કરો

શહેરમાં ખુલ્લામાં ભરાઈ રહેલા વરસાદી પાણીને વહેતા કરવા અથવા કોરી માટી કે રેતી નાંખી સુકવવા જેવા પગલા તંત્રએ હાથ ધરવાની જરૂર છે. વળી જયાં જયાં પાણીનો ભરાવો, કાદવ-કિચડ વગેરેની સમસ્યા છે ત્યાં ત્યાં જંતુનાશક દવાનો છંટકાવ તાત્કાલિક રીતે કરવો અત્રે જરુરી જણાઈ રહ્યો છે. આ સાથે નાગરિકોએ પણ તેમની આસપાસના વિસ્તારને સ્વચ્છ રાખવા યોગદાન આપવું જોઈએ. જેથી શહેરમાં રોગચાળા પર ઝડપથી નિયંત્રણ રાખી શકાય.

# ગાંધીનગર જિલ્લાની ૧૫ પ્રાથમિક શાળાઓને વરસાદથી નુકશાન

## ત્રણ પ્રાથમિક શાળાની કમ્પાઉન્ડ વૉલ પડી ગઈ, ૮માં પાણી લિકેજીસની ફરિયાદ તો ૪ પ્રાથમિક શાળામાં પોપડા ઉખડયા

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર જિલ્લામાં થયેલા ભારેથી અતિ ભારે વરસાદને પગલે ૧૫ જેટલી પ્રાથમિક શાળાઓને વત્તે ઓછે અંશે નુકશાન થવા પામ્યું છે.જો કે નુકશાનીને પગલે કોઈ બાળકને ઈજાઓ થઈ નહિ હોવાનું જિલ્લા શિક્ષણ સમિતિના સૂત્રોએ જણાવ્યું છે.

મળતી વિગત પ્રમાણે જિલ્લાની ત્રણ શાળાઓની કમ્પાઉન્ડ વોલ ધરાશયી થવા પામી છે. માણસા તાલુકાની ગલથરા ગામની પ્રાથમિક શાળા, કલોલ તાલુકાની જેઠમલ ગામની પ્રાથમિક શાળા તથા ગાંધીનગર તાલુકાના રાંધેજા ગામની કૃષ્ણનગર પ્રાથમિક શાળાની કમ્પાઉન્ડ વોલ ધરાશયી થઈ જવા પામી છે.

શિક્ષણ સમિતિના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ૮ જેટલી શાળાઓમાં પાણી લિકેજીસ થતું હોવાનું જણાયું છે તો બીજી કેટલીક શાળાઓમાં ભેજને કારણે દિવાલ અને છતમાંથી પોપડા પડવાની ઘટનાઓ બની હતી. સદનસીબે એક પણ બાળકને ઈજા પહોંચી નથી.

આ બાબતે સર્વ શિક્ષા અભિયાન દ્વારા સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી છે અને આગામી સપ્તાહથી તેની મરામતની કામગીરી શરુ કરી દેવામાં આવશે.

રાંધેજા ગામની કૃષ્ણનગર પ્રાથમિક શાળાની કમ્પાઉન્ડ વૉલ પર થાંભલો પડતા આ દિવાલ ધરાશયી થઈ હોવાનું જાણવા મળેલ છે.

# ઈ.ડી.આઈ. સાથે રૂ. ૨૭.૫૯ લાખનું ચીટીંગ કરનાર બે ભેજાબાજ પકડાયા

## ગાંધીનગર એસઓજીએ આ સાયબર ક્રાઈમનાં બે ભેજાબાજોને ટ્રેક કરીને ઉત્તરપ્રદેશના કાનપુરથી દબોચી લીધા : લઘુ ઉદ્યોગના ટેન્ડર અપાવવાના બહાને ઓરિસ્સા, હૈદરાબાદ અને ગુજરાતમાંથી ૪૭ લાખની છેતરપીંડી આચરી હોવાનું ખુલ્યુ

ગાંધીનગર, તા.૧

ભાટ ખાતે આવેલી ઈ.ડી.આઈ. (ઈન્ટર પ્રેન્યોરશીપ ડેવલપમેન્ટ ઈન્સ્ટીટયુટ ઓફ ઈન્ડિયા) સાથે ભારત સરકારના નામે ભળતી વેબ સાઈટ બનાવી કોન્ટ્રાકટ અને ટેન્ડર અપાવવા વાતચીત કરી કોઈ ગેંગ દ્વારા તબક્કાવાર રૂ. ૨૭.૫૯ લાખની છેતરપીંડી કરવામાં આવી હોવાની ફરિયાદ અડાલજ પોલિસ મથકમાં નોંધાવા પામી હતી. ગાંધીનગર એસ.ઓ.જી.ની ટીમે આ સાયબર ક્રાઈમના ભેજાબાજોને તેમના જ કિમિયાથી ટ્રેક કરીને ઉત્તરપ્રદેશના કાનપુર ખાતેથી દબોચી લીધા છે. હૈદરાબાદ, ઓરીસ્સા અને ગુજરાતમાં આ ગેંગે પાંચ ગુના આચરી રૂ. ૪૬.૬૬ લાખની છેતરપીંડી આચરી હોવાનું તપાસમાં ખુલ્યું છે.



અડાલજ પોલિસ સ્ટેશનમાં તાજેતરમાં ભાટની ઈડીઆઈ ઈન્સ્ટીટયુટના સિનિ. મેનેજર આલોકપ્રસાદ દ્વારા સાઈબર ક્રાઈમ અંતર્ગત ગુનો નોંધાયો હતો. ગાંધીનગર એસ.ઓ.જી. પી.આઈ. ડી.ડી. સોઢાની સુચનાથી તેમની ટીમના પીએસઆઈ ડી.ડી. પરમાર અને પી.એસ.આઈ. એલ.એસ. ચૌધરીની ટીમો આ ભેજાબાજોને પકડવા તેમની જ પધ્ધતિનો ઉપયોગ કરી ટ્રેક કરવામાં લાગી ગઈ હતી. એક વાર ઉત્તરપ્રદેશ અને દિલ્હીનો ધક્કો પણ આ ટીમને થયો. બીજી વાર ટ્રેક કરીને કાનપુરથી વિવિધ મુદ્દામાલ સાથે બે શખ્સોને પકડી પાડવામાં ટીમને સફળતા મળી હતી. ૩ લેપટોપ, પાંચ મોબાઈલ, પાસબુકો, એટીએમ કાર્ડસ, ખોટા સિક્કાઓ, આઈ મર્ડસ તથા અન્ય પુરાવાઓ સાથે એસઓજીની ટીમે કાનપુરના અમજદ સોહેબ અહેમત અફઝલ અહેમદ અને લખનઉના અરવિંદ શ્રીપાલસિંગ વર્માની ધરપકડ કરી લીધી છે. આ શખ્સોએ અખબારોમાં લઘુ ઉદ્યોગોની સબસીડી માટેના ટેન્ડર માટેની જાહેરાતો આપી ઓરીસ્સા, હૈદારબાદ અને ગુજરાતની પાંચ ઈન્સ્ટીટયુટસને રૂ. ૪૬,૬૬,૮૦૦નો ચુનો લગાવ્યો હોવાનું ખુલ્યું છે. ભારત સરકારની જ વેબસાઈટ હોય તેવું લાગે તે માટે તેમણે ઈ-મેઈલ એકાઉન્ટ પણ **gov.in** ને ભળતું **gov_in** બનાવડાવ્યું હોવાનું ખુલ્યું છે.

# 'ત્રિદલ' તેજસ્વી વિદ્યાર્થી તથા શિક્ષકોને શનિવારે સન્માનશે

'ત્રિદલ' સંસ્થા તરફથી માર્ચ-૧૭માં ધો-૧૦ અને ૧૨ની પરીક્ષામાં ગુજરાતી વિષયમાં ઉચ્ચ ગુણાંક પ્રાપ્ત કરનાર ત્રણ વિદ્યાર્થીઓનું તથા ગુજરાતી વિષય શિખવનાર અને શાળાનું જાહેર સન્માન કરશે.

અભિવાદન કાર્યક્રમ તા. ૫મી ઓગસ્ટના સવારે સાડા નવ વાગે બ્રહ્માણી કૃપા હોલ ફાર્મસી કોલેજ કમ્પાઉન્ડ, સે-૨૩માં યોજાનાર છે.

સમારંભના અધ્યક્ષસ્થાને જાણીતા સાહિત્ય મર્મજ્ઞ, કટાર લેખક વસંતભાઈ ગઢવી-નિવૃત્ત આઈ.એ.એસ., મુખ્ય મહેમાન રાષ્ટ્રીય એવોર્ડ વિજેતા વિદુષી ઉત્તમ શિક્ષક ડૉ. વર્ષાબેન પારેખ ઉપસ્થિત રહેશે. કાર્યક્રમનું સંકલન અને સંચાલન જાણીતા સાહિત્યકાર પ્રજ્ઞા પટેલ કરશે. તો આ માતૃભાષા ગુજરાતી માટે ગૌરવ અને પ્રેરક કાર્યક્રમમાં સમયસર ઉપસ્થિત રહેવા પ્રમુખ ભાનુપ્રસાદ પુરાણીએ જણાવ્યું છે.

## ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજની ગુરુવારે બેઠક

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ ગાંધીનગરની માહે ઓગષ્ટ-૧૭ની કાર્યવાહક સમિતિની માસિક બેઠક તા. ૩જી ઓગષ્ટના રોજ સંસ્થાના પ્રમુખ ડાહ્યાભાઈ પ્રજાપતિના અધ્યક્ષસ્થાને સાંજે ૪ વાગે સ્વસ્તિક કોમ્પ્લેક્ષ બીજે માળ, સે-૨૨ ખાતે યોજાશે તેમ પ્રવર મંત્રી રમણલાલ શ્રીમાળીએ જણાવેલ છે.

# પુરગ્રસ્તો માટે મદદે આવવા સ્મિત ફાઉન્ડેશનનું આહ્વાન

ગાંધીનગર, તા.૧

ગાંધીનગરના સેવાભાવી શહેરીજનોએ ઉત્તર ગુજરાતના બનાસકાંઠાના પૂરના અસરગ્રસ્તો તથા શહેરમાં ભારે વરસાદ દરમિયાન હાલાકી ભોગવી રહેલા ઝુંપડાવાસીઓને અણીના સમયે મદદરૂપ થઈ ઉદ્દાત નાગરિક ભાવનાનું ઉદાહરણ પુરું પાડયું હતું. આ સેવાકાર્યમાં નગરની અનેક સેવાભાવી સંસ્થાઓ પણ જોડાઈ હતી. અમદાવાદના સ્મિત ફાઉન્ડેશન દ્વારા પણ છેલ્લા એક સપ્તાહથી પૂરગ્રસ્ત વિસ્તારમાં ફુડ પેકેટ પહોંચાડવાની સેવા આપવામાં આવી રહી છે.



સ્મિત ફાઉન્ડેશન દ્વારા અમદાવાદ ખાતે ફૂડ પેકેટ બનાવડાવી બનાસકાંઠાના પૂરગ્રસ્ત વિસ્તારના ગામોમાં જઈને અસરગ્રસ્તોને વિતરણ કરવામાં આવી રહ્યું છે. આ સદકાર્યમાં અનેક દાતાઓનો સહકાર પ્રાપ્ત થયો છે. અને હજુ પણ આ સદકાર્ય ચાલુ હોઈ ગાંધીનગરના જે દાતાઓ સહભાગી થવા માંગતા હોય તેમને સંપર્ક કરવા જણાવાયું છે. સ્મિત ફાઉન્ડેશનનો સંપર્ક સાધવા માટે સંસ્થાના ઈમેલ આઈડી **smitfoundation59@gmail.com** અથવા મોબાઈલ નં. ૯૮૨૪૫૩૩૦૧૯ પર સંપર્ક સાધવા અખબારી યાદીમાં જણાવાયું છે.

# દર્શન કરીને ઘરે જતા યુવાનને ટ્રકની ટક્કર

## લીંબડીયા ગામનો યુવાન સવારે ગામના જ મંદિરે દર્શન કરીને પરત ફરતો હતો ત્યારે તેના બાઈકને ટ્રકે ટક્કર મારતા ઘટના સ્થળે યુવાનનું મૃત્યુ

ગાંધીનગર, તા.૧

ડભોડા નજીક આવેલા લીંબડીયા ગામમાં રહેતો ૩૫ વર્ષીય યુવાને આજે સવારે તૈયાર થઈને ઘરેથી બાઈક લઈ ગામના નાગરેશ્વર મહાદેવ મંદિરે ગયો હતો. દર્શન કરીને ઘર તરફ પરત જઈ રહ્યો હતો ત્યારે બેફામ ગતિએ આવતા હરિયાણા પાસીંગના ટ્રકે જબરદસ્ત ટક્કર મારતા બાઈક ચાલક યુવાનનું ઘટના સ્થળ પર જ કમકમાટીભર્યું મૃત્યુ નિપજયું હતું. ડભોડા પોલીસે ટ્રક ચાલક સામે ગુનો નોંધી તેની ધરપકડ માટે ચક્રો ગતિમાન કર્યા છે.

મળતી માહિતી મુજબ ડભોડા નજીક આવેલા લીંબડીયા ગામમાં રહેતો ૩૫ વર્ષીય યુવાન ગુણવંતભાઈ ઉર્ફે ગીરીશભાઈ રણછોડભાઈ મકવાણા હોલસેલ વેપારી હતો. આજે સવારના અરસામાં ઘરેથી ન્હાઈ ધોઈને પોતાનું જીજે ૧૮ સી.જે. ૩૬૨૭ નંબરનું બાઈક લઈને ગામ પાસેના નાગેશ્વર મહાદેવ મંદિરે દર્શન કરવા ગયો હતો. મંદિરે દર્શન કરીને બાઈક પર પોતાના ઘર તરફ પરત ફરી રહ્યો હતો ત્યારે લીંબડીયા ગામની સીમમાં આવેલી વિમલ પ્રેસ્ટીસાઈડ કંપનીની સામે તેના બાઈક સાથે એક ટ્રક જબરજસ્ત ટકરાતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. હરીયાણા પાસીંગની એચ.આર. ૫૫ વાય. ૮૦૧૪ નંબરની ધસમસતી આવતી ટ્રકે બાઈકને ટક્કર મારતા ગુણવંત ઉર્ફે ગીરીશ ગંભીર રીતે ઘાયલ થયો હતો અને ઘટના સ્થળ પર જ તેનું કમકમાટીભર્યું મૃત્યુ નિપજયું હતું. ડભોડા પોલીસને ઘટનાની જાણ થતા મૃતદેહ પી.એમ. કરાવી ટ્રકચાલક સામે ગુનો દાખલ કરી પીએસઆઈ ડી.બી. વાળાએ આરોપી ડ્રાઈવરની ધરપકડ માટે ચક્રો ગતિમાન કર્યા છે.





## @ગાંધીનગર

● સે-૨૩ સ્વામિનારાયણ મંદિરમાં પેપર કાર્વિંગ વીથ લાઈટના હિંડોળામાં ઠાકોરજીને સાંજે ૫.૦૦ થી ૮.૧૫ કલાક દરમિયાન ઝુલાવવામાં આવશે.

● સે-૨૧ શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી ખાતે ફુલના બે ઝુલાના કલાત્મક હિંડોળા સાંજે ૬.૩૦ થી ૭.૧૫ કલાક દરમિયાન યોજાશે.

● શ્રીમાળી બ્રાહ્મણ સમાજ ગાંધીનગર દ્વારા પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે શિવ મહિમ્ન પાઠ રમેશચંદ્ર આર. દવે, પ્લોટ નં. ૫૨/૧, સે-૩-એ ખાતે યોજાશે.

● સમસ્ત બ્રહ્મસમાજ સેકટર-૨૩ દ્વારા શિવ મહિમ્ન પાઠ અને સ્તુતિ વંદના મુકેશભાઈ શુકલ, શ્રીધર ફલેટ, સે-૨૩ ખાતે યોજાશે.

● શ્રી રામધામ વાવોલ ખાતે મોરપીંચ્છના કલાત્મક હિંડોળાના દર્શન યોજાશે.

● શ્રી સમસ્ત બ્રહ્મસમાજ સે-૨૬ ખાતે શિવ મહિમ્ન પાઠ અશોકકુમાર બી. ઉપાધ્યાય, પ્લોટ નં. ૩૩૬/૧, કિસાનનગર ખાતે યોજાશે.

● ગાંધીનગરના સ્થાપના દિવસની ઉજવણી નિમિત્તે ઈન્ડિયન લાયન્સ સ્વર્ણિમ દ્વારા સવારે ૯.૦૦ કલાકે સેકટર-૨૨ શોપીંગ સેન્ટરની સામે ગરબા મેદાન ખાતે વૃક્ષારોપણ કરવામાં આવશે.

## વાતવાતમાં

● સે. ૪માં ગરનાળામાં જામી ગયેલા કચરાને દૂર કરી પાણી જવાનો માર્ગ સાફ કરવા માટે વોર્ડ નં. ૮ના પ્રવિણાબેન વોરાએ ઉગ્ર રજુઆત કરી છે.

● કોલવડા પ્રા. શાળાના શિક્ષકની બદલીનો વિરોધ કરવા માટે આજે કોલવડાના ગ્રામજનો વાહન ભાડે કરી ગાંધીનગર જિલ્લા પંચાયત આવી પહોંચ્યા હતા. ગ્રામજનોએ પંચાયત પ્રમુખ રામાજી ઠાકોર સહિતના પદાધિકારીઓને લેખિત અને મૌખિક રજુઆત કરી હતી.

● કલોલ સહિતના અર્ધો ડઝનથી પણ વધુ ગામોમાં વરસાદી પાણી ઓસર્યા નથી. આ ગામોમાં વાહન-વ્યવહાર અને જનજીવન પુનઃ સ્થાપિત કરવા તંત્ર દ્વારા પ્રસાયો ચાલી રહ્યા છે.

● જિલ્લામાં આજથી મહિલા સશક્તિકરણ પખવાડિયાની ઉજવણીનો પ્રારંભ થયો છે.

● ભારે વરસાદને પગલે શાળાઓમાં પાછલું લગભગ આખું સપ્તાહ રજા પડતા શાળાઓમાં શરુ થતી યુનિટ ટેસ્ટની તારીખ અઠવાડિયું મોડી કરવામાં આવી છે.

## ચિરવિદાય

- સ્વ. બચુભાઈ નાગરદાસ સુથાર, ઉ.વ. ૭૦
- સ્વ. ગોસ્વામી કમામબેન રમણગીરી, ઉ.વ. ૬૫
- સ્વ. દવે સરોજબેન નર્મદાશંકર, ઉ.વ. ૬૭
- સ્વ. ઠાકોર ચંપાબેન રમેશજી, ઉ.વ. ૬૦
- સ્વ. ઠાકોર કમુબેન રામસંગજી, ઉ.વ. ૬૧
- સ્વ. રાધેશ્યામભાઈ બબાલાલ શાહ, ઉ.વ. ૭૮
- સ્વ. મોંઘીબેન રવેભાઈ ભંગી, ઉ.વ. ૭૦
- સ્વ. સરોજબેન ધર્મેન્દ્રકુમાર લોધા, ઉ.વ. ૪૮
- સ્વ. હંસાબેન હિતેશભાઈ ભટ્ટ, ઉ.વ. ૫૩